પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૫ | ૬ એપ્રિલ, ૨૦૧૭, ગુરૂવાર ; ચૈત્ર સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### દલાઈ લામા મુદ્દે ચીને ભારતને આપી ધમકી



તિબેટના આધ્યાત્મિક ગુરૂ દલાઈ લામાની અરૂણાચલ પ્રદેશ યાત્રાને લઈને ચીન ભડક્યું છે. શાંતિદૂત યાત્રાને લઈને ચીને સીધી ભારતને ધમકી આપવાનું શરૂ કર્યું છે. ચીને બીજિંગમાં ભારતીય રાજદૂતને બોલાવી આ મામલે વિરોધ નોંધાવ્યો હતો.

### બાંગ્લાદેશના કેપ્ટન મુર્તુઝાએ ટી-૨૦ ક્રિકટને કહ્યું અલવિદા



બાંગ્લાદેશની ક્રિકેટ ટીમના કેપ્ટન મુશરફે મુર્તુઝાએ આંતરરાષ્ટ્રીય ટી-૨૦ ક્રિકેટમાંથી વિદાય લઈ લીધી છે. મુર્તુઝાએ ૨૦૧૬ના ટી-૨૦ વર્લ્ડકપમાં બાંગ્લાદેશ ટીમનું નેતૃત્વ સંભાળ્યુ હતુ. ૬ એપ્રિલના રોજ શ્રીલંકા વિરૂદ્ધ છેલ્લી ટી-૨૦ મેચમાં ભાગ લેશે.

### દેવા માફી મામલે મહારાષ્ટ્ર યુપીના પગલે

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી



આદિત્યનાથે ખેડૂતોના દેવા માફીનો પ્રારંભ કરતા અન્ય રાજ્યો પણ તેને ઝડપથી અપનાવી રહ્યા છે. મહારાષ્ટ્ર ખેડૂતોને પણ દેવા માફી આપવા માટે વિચારણા ચાલી રહી છે.

### દિલ્હી નગરનિગમની ચૂંટણીમાં ભાજપે નવા ચહેરા ઉતાર્યા

દિલ્હીમાં નગરનિગમની ચૂંટણીઓનો ધમધમાટ ચાલી રહ્યો છે. ભાજપે આ વખતે તમામ સીટીંગ કોર્પોરેટરોની ટીકીટ કાપી નાંખી છે. તમામ નવા ચહેરાઓને ટીકીટ અપાતા અસંતોષ જોવા મળી રહ્યો છે.

### ઉત્તરપ્રદેશમાં ૨૫ નવી મેડિકલ કોલેજ બનશે



ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે લખનૌની મેડિકલ કોલેજમાં ૫૬ વેન્ટિલેટર મશીનોનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ અવસરે તેમણે કહ્યું હતું કે યુપીમાં ૬ નવી એઈમ્સ અને ૨૫ નવી મેડિકલ કોલેજ બનાવવામાં આવશે.





આઈપીએલનો રંગારંગ પ્રારંભ - હૈદ્રાબાદ ખાતે આઈપીએલ-૨૦૧૭નો બુધવારે મોડીસાંજે રંગારંગ પ્રારંભ થયો હતો... ક્રિકેટ પ્રેમીઓની ચિક્કાર હાજરી વચ્ચે આરંભાયેલ આઈપીએલ-૨૦૧૭ની પ્રથમ મેચ પૂર્વે દેશના ટોચના સ્ટાર ચાર ક્રિકેટરોનું લાઈફ એચીવમેન્ટ એવૉર્ડ સન્માન કરાયું હતું... ક્રિકેટ જગતમાં હંમેશા જેમણે ભારતને ગૌરવ અપાવ્યું છે... સચિન તેંદુલકર, વિરેન્દ્ર સહેવાગ, સૌરવ ગાંગુલી અને વીવીએસ લક્ષ્મણના સન્માનથી ક્રિકેટ પ્રેમીઓમાં અને ક્રિકેટના ખેલાડીઓમાં ભારે ઉત્સાહ પ્રગટ્યો હતો...

# સિરિયામાં ખતરનાક રાસાયણિક હુમલો

**૧૦૦થી વધારેના મોત : હુમલામાં મહિલાઓ અને બાળકો સહિત ૪૦૦ને અસર : મોટી સંખ્યામાં લોકોને શ્વાસની તકલીફ થઈ : અનેક લોકો બેભાન પણ થયા : સિરિયામાં યુદ્ધની શરૂઆત થયા બાદથી કરાયેલો સૌથી વિનાશકારી હુમલો**

વોશિંગ્ટન,તા. ૫

હિંસાગ્રસ્ત સિરિયાના ત્રાસવાદીગ્રસ્ત વિસ્તારમાં કેમિકલ હુમલો કરવામાં આવતા વિશ્વભરમાં ખળભળાટ મચી ગયો છે. આ હુમલો કરનારના સંદર્ભમાં નક્કર માહિતી મળી નથી પરંતુ રશિયા તરફ શંકાની સોય રહેલી છે. આ હુમલાના કારણે મોટી સંખ્યામાં લોકોના મોત થયા છે. રશિયન સંરક્ષણ મંત્રાલય દ્વારા જણાવવામાં આવ્યું છે કે સિરિયન હવાઈ હુમલો ખાનશેફોનના પૂર્વીય પરા વિસ્તારમાં કરવામાં આવ્યો હતો. આતંકવાદીઓના શસ્ત્ર ભંડારને ટાર્ગેટ બનાવીને હુમલો કરવામાં આવ્યો હતો. એમ પણ જાણવા મળી રહ્યું છે કે સિરિયન તંત્ર દ્વારા આ હુમલો કરવામાં આવ્યો છે. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા બે દિવસની ઈમરજન્સી મિટીંગ હુમલા બાદ તરત બોલાવવામાં આવી છે. આ હુમલામાં ઓછામાં ઓછા ૧૦૦ લોકોના મોત થયા છે અને ૪૦૦થી વધારે લોકો ઘાયલ થયા છે. જે પૈકી કેટલાક ગંભીર દેખાઈ રહ્યા છે. સિરિયામાં મેડિકલ અધિકારી દ્વારા આ મુજબની

● અનુસંધાન પાન-૭ પર



## સિરિયામાં કરાયેલા હુમલાથી દુનિયાના દેશો ભારે ચિંતિત

**અમેરિકા, બ્રિટન અને રશિયાએ નિંદા કરી : અલ બશર તંત્ર દ્વારા રાસાયણિક શસ્ત્રોનો હુમલો કરાયો હોવાનો ઈનકાર : ત્રાસવાદી સંગઠન ઉપર આક્ષેપ કરાયો**

વોશિંગ્ટન,તા. ૫

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સિરિયામાં કરવામાં આવેલા રાસાયણિક હુમલાને કઠોર શબ્દોમાં વખોડી કાઢીને આની નિંદા કરી છે. ડોનાલ્ડ ટ્રમ્પે આની નિંદા કરતા કહ્યું છે કે આ પ્રકારના કૃત્ય પૂર્વ ઓબામા વહીવટીતંત્રની ભુલોના પરિણામ તરીકે છે. ટ્રમ્પે નિવેદન જારી કરતા કહ્યું છે કે મહિલાઓ અને બાળકો સહિત નિર્દોષ લોકોની સામે સિરિયામાં જે થયું છે તે વખોડવાપાત્ર છે. સભ્ય દેશો આને નજરઅંદાજ કરી શકે નહીં. તેમણે કહ્યું હતું કે બશર અલ-અસદ શાસનનું આ કૃત્ય છેલ્લા વહીવટીતંત્રની ખામીઓ અને ખચકાટનું પરિણામ છે.

ટ્રમ્પે દાવો કર્યો છે કે અમેરિકાના પૂર્વ પ્રમુખ બરાક ઓબામાએ વર્ષ ૨૦૧૨માં કહ્યું હતું કે તેઓ રાસાયણિક હથિયારોના ઉપયોગની સામે પગલાં લેશે પરંતુ કોઈ પગલા લેવાયા ન હતા. આ પ્રકારના હુમલાની નિંદા કરવા માટે અમેરિકા દુનિયાના અન્ય દેશોની સાથે છે. આ હુમલામાં ૧૦૦થી વધુ લોકોના મોત થયા છે.

## મુલાયમ અને અખિલેશ પર અમરસિંઘના આકરા પ્રહાર

**ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની પ્રસંશા કરી મુલાયમસિંહની હાલત ધૃતરાષ્ટ્ર જેવી થઈ છે : અમરસિંઘ**

નવી દિલ્હી,તા. ૫

રાજ્યસભા સાંસદ અમરસિંહે આજે મુલાયમસિંહ યાદવ, અખિલેશ અને આઝમખાન ઉપર આકરા પ્રહારો કર્યા હતા અને મુખ્યમંત્રી યોગી



આદિત્યનાથની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતુ કે સમાજવાદી પાર્ટીમાં તેમની હાલત ખૂબ જ કફોડી થયેલી હતી. પોતાની સરખામણી અમરસિંહે વેશ્યા સાથે કરીને તમામને ચોંકાવી દીધા હતા. ઉત્તરપ્રદેશના વિધ્યાંચલમાં માતા વિંધ્યાવાસીનીના દર્શન કરવા માટે પહોંચેલા અમરસિંહની સાથે આ પ્રસંગે સપાના નેતા અને અભિનેત્રી જયાપ્રદા પણ રહી હતી. ચૂંટણી પહેલા પાર્ટીમાંથી હાકી કાઢવામાં આવેલા અમરસિંહે મુલાયમસિંહની સરખામણી પુત્ર મોહમાં ફસાઈ ગયેલા ધૃતરાષ્ટ્ર સાથે કરી હતી. ત્યારબાદ પોતાની પીડાને રજુ કરતા તેમણે કહ્યું હતુ કે સપામાં તેમની હાલત ખૂબ કફોડી હતી. સામાજિક માન્યતા જે રીતે એક વેશ્યાને મળી શકતી નથી તેવી જ રીતે તેમની હાલત થયેલી હતી. મુલાયમસિંહે પોતે તેમને સામે આવવાથી રોકવાના પ્રયાસ કર્યા હતા અને કહ્યું હતુ કે જો જરૂર પડે તો પાછલા બારણેથી આવવું પડશે. ત્યારબાદ તેમણે એમ પણ કહ્યું હતું કે મુલાયમસિંહ સાથે તેમના કોઈ રાજકીય સંબંધ નથી. આત્મસમ્માનથી વધીને કોઈ મોટી વાત નથી. મુજફ્ફરનગરમાં થયેલા રમખાણોનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે અખિલેશ યાદવ આના માટે પરોક્ષ રીતે જવાબદા રહેલા છે. ગુજરાત કરતા પણ વધારે મુસલિમ મુજફ્ફરનગરના રમખાણોમાં માર્યા ગયા હતા.

## રૂપિયા ૨૦૦૦ની નોટ બંધ કરવાની કોઈ યોજના નથી

**રાજ્યસભામાં સરકાર દ્વારા ખાતરી અપાઈ : બજારમાં ચાલતી અફવાઓ તરફ ધ્યાન ન આપવા સરકાર દ્વારા સૂચન**

નવી દિલ્હી,તા. ૫

રાજ્યસભામાં ગૃહ રાજ્યમંત્રી



કિરણ રિજ્જૂએ કહ્યું છે કે બે હજાર રૂપિયાની નવી નોટ બંધ કરવાની કોઈ યોજના નથી. સરકારે કહ્યું હતું કે આ સંદર્ભમાં માત્ર અટકળો ચાલી રહી છે. સરકારની આવી કોઈ યોજના નથી. બનાવટી નોટ જપ્ત કરવાની પ્રક્રિયા પણ ચાલી રહી છે. માર્કેટમાં આ પ્રક્રિયા ચર્ચા છે કે બે હજાર રૂપિયાની નવી નોટ બંધ કરવામાં આવશે. કોંગ્રેસના સભ્ય મધુસુદન મિસ્ત્રી દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે સરકાર આવી કોઈ યોજના ધરાવતી નથી. હાલમાં માત્ર અફવાઓ ચાલી રહી છે. પ્રધાને કહ્યું હતું કે બનાવટી નોટ ગુજરાત અને પશ્ચિમ બંગાળમાંથી જપ્ત કરવામાં આવી રહી છે પરંતુ બનાવટી નોટને લઈને સરકાર બિલકુલ સાવધાન છે. પ્રધાને એમ પણ કહ્યું હતું કે નવી નોટમાં સુરક્ષા પાસા તરફ ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. રિજ્જૂનું કહેવું છે કે તેઓ આ બાબતની ખાતરી તમામને આપવા માંગે છે કે કોઈપણ વ્યક્તિ ૧૦૦ ટકા નકલ કરવાની સ્થિતિમાં નથી. અમે સ્વદેશી ડિઝાઈન તૈયાર કરી છે. સાથે સાથે વધારાના સુરક્ષા પાસા પણ ઉમેરવામાં આવ્યા છે. સરકાર દ્વારા બનાવટી નોટોના પ્રવાહ પર અંકુશ મુકવા ઘણા બધા પગલાં લેવામાં આવ્યા છે.

## ઈવીએમમાં ખામી શોધવાના માયાવતીના ભરપૂર પ્રયાસ શરૂ

**બુથ સ્તર પર વોટરોના શપથ પત્ર લેવડાવ્યા : મધ્યપ્રદેશમાં હાલના મામલાને લઇને દેશ અને દુનિયામાં ઇવીએમ પર નવા પ્રશ્નો ઉઠી રહ્યા છે**



લખનૌ,તા. ૫

ઈવીએમની સામે સુપ્રીમ કોર્ટમાં રજૂ કરવા માટે બહુજન સમાજવાદી પાર્ટી દ્વારા હવે પુરાવા એકત્રિત કરવામાં આવી રહ્યા છે. ઉત્તરપ્રદેશમાં હાલમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને રેકોર્ડ અને ઐતિહાસિક દેખાવ બાદ હચમચી ઉઠેલા અને ફફડી ઉઠેલા બહુજન સમાજવાદી પાર્ટીએ પુરાવા એકત્રિત કરવાના પ્રયાસ હાથ ધર્યા છે. માયાવતી દ્વારા પહેલા જ પ્રશ્નો ઉઠાવવામાં આવી ચુક્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

NAGARJUNA | BAN Since 1966 | Himalaya | ZANDU | VASU Healthcare Pvt. Ltd. | પતંજલિ | Baidyanath | Dabur | SANDU | Charak

આયુર્વેદિક દવાઓ

આયુર્વેદિક નિદાન કેમ્પ
દર શનિવારે સાંજે ૫ થી ૮
તપાસ ફી ૧૦૦ રૂપિયા

MNM WellCARE
Manoj M. Trivedi | 98793 48048
Opp. Shree Bhuvneshwar Temple, Cheap Type Shopping Center, Sector-6/D, Gandhinagar. Ph. : 079 - 23241415

॥ જય હાટકેશ ॥
ઘરનું શુદ્ધ શાકાહારી
ટીફીન સર્વિસ
સાત્વિક, સ્વાદિષ્ટ ઘરે બનાવેલું શાકાહારી, ગુજરાતી ભોજન
જાન્હવી ગૃહ ઉદ્યોગ
Call : 9924684206
9924684208
હોમ સર્વિસ ફ્રી
(ગાંધીનગર-કુડાસણ-સરગાસણ)

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

લાભ
LABH HEALTHCARE & FITNESS
One stop solution for all healthcare and fitness products now in Gandhinagar.
Specialization in HOME HEALTHCARE, MEDICAL EQUIPMENTS and FITNESS products.
· Glucometers and Strips
· Blood Pressure Monitor
· Weighing Scale
· Adult and Baby Diaper
· Massagers
Special Inaugural Offer 10% Discount Upto 31st March-2017
Labh Healthcare & Fitness
A/105,6,7 Atria Business Hub, Sargasan Cross Roads, Gandhinagar – 382421
Phone No: +919879991111, +919979249292
Email: labhhealthcare@gmail.com